<u>સાબરમતી વર્તુળ કચેરી</u>

તા.૨૩.૫.૧૬ ની સ્થિતિ એ

| અઈ નંઈ | લોકસંવાદ સેતુ તારીખ | તાલુકા | ફરીયાદીનું નામઢસરનામું પેટાવિભાગની વિગતઈ | ફરીયાદની વિગત | વિભાગીય કચેરીળ પેટા વિભાગીય કચેરી | ફરીયાદના નિવારણ માટે જવાબદાર અધિકારીઓનાં નામ નંબર | કંપનીએ સ્થળ ઉપર આપેલ જવાબ | નિરાકરણ | સમય મર્યાદા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૯.૦૫.૧૬ | બાવળા | પટેલ દિવ્યાંગ ઉપેન્દ્રભાઈ, મોડાસર, તા. સાણંદ | તા ૦૧.૦૧.૧૪ થી ૩૧.૦૩.૧૬ સુધી માં ખેતી વિષયક કેટલા જોડાણની અરજીઓ આવેલ છે અને તેમાંથી કેટલી અરજીઓનો નિકાલ કરેલ છે. ડાર્કઝોન માં આવતી કેટલી અરજીઓ હાલ પેન્ડિંગ છે. તેના વીજ કનેકશન ક્યારે મળે તેમ છે. બીનખેતી જોડાણ ઝડપી તથા ખેતી માટે વીજ જોડાણ માં વિલંબ થવાના કારણો તથા વિગતો જણાવશો. | વિભાગીય કચેરી - બાવળા / પેટા વિભાગીય કચેરી - બાવળા-૧ | જે.વી. પંચાલ નાયબ ઇજનેર બાવળા-૧ , મો. નં. ૯૮૭૯૨૦૧૫૦૬ | બાવળા તાલુકો નોન ડાર્ક્ઝોન વિસ્તારમાં આવેલ છે. તા.૩૧-૦૩-૨૦૧૬ ની સ્થિતિએ ખેતીવિષયક વીજજોડાણ માટેની ૬૯૭ અરજીઓ નોન ડાર્ક્ઝોન વિસ્તાર હેઠળ પડતર છે. ચાલુ નાણાકિય વર્ષ ૨૦૧૬-૧૭ માં વર્ષ ૨૦૧૩ થી ૨૦૧૫ સુધીમાં આવેલ ખેતીવિષયક વીજજોડાણોની ૬૧૨ અરજીઓ તબક્કાવાર મોંજણીની કામગીરી ચાલુ કરેલ છે. બાવળા તાલુકો નોન ડાર્ક્ઝોન વિસ્તાર હેઠળ હોઇ ડાર્ક્ઝોનમાં આવતી કોઇ અરજી પેન્ડીંગ નથી.<br>વધુમાં વર્ષ ૨૦૧૬ ની નોન ડાર્ક્ઝોનની ૮૫ અરજીઓની કાર્યવાહી ૨૦૧૭-૧૮ માં આપવાનું આયોજન છે.<br>બિનખેતીવીજજોડાણ માંગણી અને અંદાજપત્ર ભર્યેથી સમયમર્યાદામાં આપી દેવામાં આવે છે. ખેતી વીજજોડાણના કનેકશન અંદાજપત્ર ભર્યેથી માલસામાનની ઉપલબ્ધી પ્રમાણે સમયમર્યાદામાં આપવામાં આવશે. હાલમાં અંદાજપત્ર ભરાયેલ ૨૨ અરજીઓની કામગીરી ચાલુ છે, જે પૈકી ૮ કામ પૂર્ણ કરેલ છે અને બાકીના ૧૪ કામ પ્રગતિ હેઠળ છે જે ૨ માસમાં પૂર્ણ કરવામાં આવશે ના ઝડપથી વિજજોડાણ આપવામાં આવશે. વધુમાં તા. ૧૬.૦૫.૧૬ ના રોજ પ્રાંત સાહેબની સૂચનાના અનુસંધાને પટેલ દિવ્યાંગ ઉપેન્દ્રભાઈ, મોડાસર ના કાકા પટેલ મહેશકુમાર રમણલાલ ના નામે ગામ મોડસર, તા સાણંદ માં ડાર્કઝોન વિસ્તારમાં નવીન ખેતીવાડી વીજ જોડાણ આપવા અંગેની અરજી તા. ૦૯.૦૭.૧૪ ના રોજ કરેલ છે. તેમાં વીજ જોડાણ આપવા અંગે તા. ૧૭.૦૫.૧૬ ના રોજ મોજણી કરેલ છે જેમાં આપશ્રી દ્વારા સ્થળ ઉપર બોર/કુઓ બનાવેલ નથી. વધુમાં બોર/કુઓ બનાવ્યા બાદ અત્રેની કચેરી એ જાણ કરવા આપણે પત્ર ક્રમાંક ૨૪૧૨ તા. ૧૭.૦૫.૧૬ થી સૂચના આપવામાં આવેલ છે. | નિકાલ | |
| ૨ | ૧૯.૦૫.૧૬ | બાવળા | પટેલ કાળુભાઇ લાલજીભાઈ, નાનોદરા | ખેતીવાડી ના ૧૦ હો. પા. ઉપરના લાઇટ બિલો દર ૨ માસે લેવા બાબતની રજૂઆત. | વિભાગીય કચેરી - બાવળા / પેટા વિભાગીય કચેરી - બાવળા-૧ | જે.વી. પંચાલ નાયબ ઇજનેર બાવળા-૧ , મો. નં. ૯૮૭૯૨૦૧૫૦૬ | સદર રજૂઆત બાબતે જણાવવાનું કે યુ જી વી સી એલ ના પ્રવર્તમાન જોગવાઈ મુજબ 10 હોપા કે તેથી વધુ વિજભર ધરાવતા જોડણોનું બિલિંગ માસિક ધોરણે કરવાનું હોય છે. જે વીજ જોડાણો 10 હોપા થી ઓછા નો વિજભાર ધરાવતા હશે ને માસિક બિલિંગમાં હશે તો દ્વિમાસિક બિલિંગમાં ફેરવવામાં આવશે. | નિકાલ | |
| ૩ | ૧૯.૦૫.૧૬ | બાવળા | મકવાણા ઇશ્વરભાઇ દશરથભાઈ, સાકોદરા | સાકોદરા ગામના બસસ્ટેન્ડ ની સામે થી ખેતર તરફ જતી ચોવીસ કલાક ની વીજ લાઇન માં વૃક્ષો આવેલા હોવાથી વધારે પવન/ વાવાઝોડુ.હોય ત્યારે તેમાં ફોલ્ટ થતાં આખા ગામની લાઇટ બંધ રહે છે. તે સ્થળ પર જમ્પર નાખવામાં આવે તો ગામ ની લાઇટ ચાલુ રહે તેમ છે. | વિભાગીય કચેરી - બાવળા / પેટા વિભાગીય કચેરી -કોઠ | એન.આર.ઠક્કર નાયબ ઇજનેર કોઠ, મો. નં. ૯૯૨૫૨૧૩૭૭૨ | સાકોદરા ગામને કેરલા સબ સ્ટેશન ના ૧૧ કે વી ચીયાડા જેજીવાય ફિડર પરથી વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. સાકોદરા ગામ પાસે સદર ફિડર ને અડતા ઝાડ તા:૧૦.૦૫.૧૬ ના રોજ કાપવામાં આવેલ છે. તથા ખેતર તરફ જતી લાઇનમાં અડતા ઝાડ કાપી ને ડીઓ સ્વિચ તા: ૧૪.૦૫.૧૬ ના રોજ મૂકવામાં આવેલ છે. વરસાદ પૂર્વે તથા વરસાદ પશ્ચાત જેજીવાય ફિડર ની સમારકામ ની કામગીરી નિયત શિડ્યુલ મુજબ કરવામાં આવે છે ને તે મુજબ જ કામગીરી પૂર્ણ કરેલ છે. | નિકાલ | |
| ૪ | ૧૯.૦૫.૧૬ | બાવળા | રાઠોડ પ્રવીણભાઈ ફલજીભાઇ, ધિંગડા | ઉત્તર ગુજરાત વીજ કંપની , કોઠ ના નાયબ ઇજનેર ઠક્કર સાહેબ ને મારા પ્રશ્નો હોય ને રૂબરૂ રજૂઆત કરતાં તેમજ તેમનાથી જે પ્રશ્ન હલ થાય તેવા સામાન્ય હોય છતાં પણ વારંવાર ધક્કા ખવડાવે છે અને નાની નાની બાબતોમાં પૈસા જેવી માંગણી કરીને કામ કરવાનું કહે છે. તેમજ ગરીબ માણસો ના મીટર હોય કે અન્ય કોઈ લાઇટ નો પ્રશ્ન હોય તો પણ કોઠ જવું પડે છે જ્યારે તેઓ કોઠ જાય છે ત્યારે ત્યના કર્મચારી દ્વારા કોઈ જવાબ આપવામાં આવતો નથી અને એકજ જવાબ આપવામાં તેમજ નાના નાના કામો માં પણ ઘણો વિલંબ કરતાં હોય છે. જેથી આપ સાહેબ ને અમારી અરજ કે સબ ડિવિઝન માં અન્ય કોઈ કર્મચારી ની નિમણૂક કરવામાં આવે જેથી અમારા આજુબાજુના લોકોને ધક્કા ખાવા પડે નહી. | વિભાગીય કચેરી - બાવળા / પેટા વિભાગીય કચેરી -કોઠ | એન.આર.ઠક્કર નાયબ ઇજનેર કોઠ, મો. નં. ૯૯૨૫૨૧૩૭૭૨ | સદર પ્રશ્ન માં અરજદાર ના કયા કામ માટેની ફરિયાદ છે તે સ્પષ્ટ થતું નથી, જેથી અરજદારને ધક્કા ખવડાવવાનો કોઈ પ્રશ્ન ઊભો થતો નથી. યુ જી વી સી એલ ના પ્રવર્તમાન નિયમો મુજબ અલગ અલગ કામો માટે અલગ અલગ નિર્ધારિત અંદાજપત્ર નક્કી કરવામાં આવેલ છે. જે ભરપાઈ થયા બાદ જે તે કામ હાથ પર લઈ સમય મર્યાદા માં નિકાલ કરવામાં આવે છે. ઉ.ગુ.વી.ક. લી. દ્વારા કોઠ વિસ્તાર ના ગામોના વીજળીને લગતા કામો માટે પેટા વિભાગીય કચેરી કોઠ ખાતે આવેલ હોય અરજદાર નેકોઠ કચેરી એ રજૂઆત કરવા આવવું પડે તે સ્વાભાવિક છે. જેથી કોઠ ગમે કામ માટે ધક્કા ખવડાવે છે તે રજૂઆત યોગ્ય નથી. | નિકાલ | |